# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટથી ઉપડતી વિવિધ સમર સ્પેશ્યીલ ટ્રેનોને કાયમી શરૂ કરવા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી, જનરલ મેનેજરશ્રી મુંબઈ તથા રાજકોટ DRM સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તેમજ કોઈપણ જાતની મુશ્કેલીઓ ન પડે તે માટે અવાર-નવાર રજુઆતો કરવામાં આવે છે. ત્યારે રાજકોટથી નીચે મુજબની વિવિધ સમર સ્પેશીયલ ટ્રેનો જે અઠવાડીક ચાલે છે. તેના કારણે મુસાફરોને ઘણી હાલાકીનો સામનો કરવો પડી રહયો છે.

(૧) દર સોમવારે ઉપડતી Train no. 05046 Rajkot-Lalkua Special.
(૨) દર બુધવારે ઉપડતી Train no. 09525 Hapa-Naharlagun Special.
(૩) દર સોમવારે ઉપડતી Train no. 09575 Rajkot-Mehbub Nagar Special.
(૪) દર શુક્રવારે ઉપડતી Train no. 09569 Rajkot-Barauni Special.
(૫) દર સોમવારે ઉપડતી Train no. 09520 Okha-Madurai Special.
(૬) દર મંગળવારે ઉપડતી Train no. 09523 Okha-Delhi Sarai Rohilla Special.

આ વિવિધ સમર સ્પેશ્યીલ ટ્રેનોને રાજકોટથી કાયમીના ધોરણે તાત્કાલીક શરૂ કરવા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી, મુંબઈ જનરલ મેનેજરશ્રી અશોકકુમાર મિશ્રા તથા રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી અશ્વની કુમાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.